# અંબાજી શક્તિપીઠમાં વેપારીઓનો ઉગ્ર વિરોધ

## રસ્તા જામ કર્યા, ટાયરો સળગાવ્યા, પોલીસનો લાઠીચાર્જ : નવની ઘરપકડ









શક્તિપીઠ અંબાજી માં મહામેળો શરુ થવા ના કાઉન્ટ ડાઉન શરુ થયા છે ત્યારે આ મહામેળા ૨૦૧૮ માં સરકાર તરફથી પ્લાસ્ટીક મુક્ત મેળા ને લઈ બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ વેપારીઓ અસમંજસ મા હતા અને તારીખ ૧૪ ના રોજ મામલતદાર અને ટીડીઓ તરફથી અંબાજી ના એક કોમ્લેક્સ માં જઈ પ્લાસ્ટીક નો ૫૦ કિલો જથ્થો જપ્ત કરવામાં આવતા આ વેપારીઓ ભેગા થઈ અંબાજી ગ્રામ પંચાયત આગળ આવીએ અધિકારી આગળ આવી રજૂઆત કરી હતી કે ૫૧ માઈક્રોન થી ઊંચી પ્લાસ્ટીક નો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે પણ વહીવટી તંત્ર તરફથી સ્પષ્ટ ના પાડવામાં આવતા આ વેપારીઓ દ્વારા અંબાજી ના તમામ વેપારીઓ સાથે ભેગા મળી અંબાજી ના તમામ બજારો બંધ રાખ્યા હતા અને તારીખ ૧૪ ના રાતે આઠ વાગે આ વેપારીઓ ખોડિયાર ચોક મા મિટિંગ કરી સરકાર અને વહીવટી તંત્ર સામે લડી લેવાના મૂડ માં આવી ગયા હતા અને ત્યારબાદ જાહેરનામું બહાર પાડનાર કલેક્ટર સાથે મિટિંગ કરતા કલેક્ટર સ્પષ્ટ ના પાડતા આ તમામ વેપારીઓ ગુસ્સે થયા હતા અને આજે પણ વહેલી સવાર થી આખા બજારો બંધ જોવા મળ્યા હતા.

આજે સવારે અંબાજી ના તમામ વેપારીઓ ભેગા થઈ અંબાજી ખોડિવડલી સર્કલ પર ભેગા થઈ ટાયરો સળગાવ્યા હતા અને તમામ વાહન વ્યવહાર પણ બંધ કરતા અફરાતફરી મચી ગઈ હતી અને પોલીસ દ્વારા અને વેપારીઓ સાથે કોઈ કાયમી ઉકેલ ન આવતા ઘર્ષણ પણ સર્જાયું હતુ અને ૨-૩ કિલોમીટર સુધી વાહનો ની કતારો લાગી હતી પોલીસ તરફથી વધુ ફોર્સ બોલાવતા છેવટે લાઠીચાર્જ કરતા વેપારીઓ ને માર પડ્યો હતો અને ત્યારબાદ પોલીસ તરફથી આખો વાહનવ્યવહાર ખુલ્લો કરવામાં આવ્યો હતો અને ૫ થી વધુ લોકો ની ઘરપકડ પણ પોલીસ તરફથી કરવામાં આવી હતી ,વેપારીઓ ની માંગ છે કે અંબાજી માં મેળો આવે ત્યારે જ વહીવટી તંત્ર નાટકો કરે છે અને વેપારીઓને પરેશાન કરવામાં આવે છે અંબાજી ના પ્રસાદ ના વેપારીઓ પ્રસાદ સેમા ભરશે અને આખા દેશ માં ૫૧ માઈક્રોન થી ઉપર ના પ્લાસ્ટીક ચાલુ છે તો અંબાજી મા કેમ બેન કરવામાં આવ્યું છે અમને ન્યાય નહિ મળે તો અમે ઉગ્ર વિરોધ કરીશુ તેમ કહેતા વેપારીઓ ૨ દિવસ થી તંત્ર સામે લડવાના મૂડ માં જોવા મળ્યા હતા આજે પોલીસ દ્વારા આખા અંબાજી માં આવી હળવો લાઠી ચાર્જ કરી માર્ગો ખુલ્લા કરાવ્યા હતા અને ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો ત્યારબાદ નારાજ વેપારીઓ પોલીસ સ્ટેશન આગળ ભેગા થઈ જિલ્લા પોલીસ વડા ને રજૂઆત કરવા આવ્યા હતા અને કહ્યું હતું કે ઘરપકડ કરાયેલા વેપારીઓ ને મુક્ત કરવાની માંગ કરતા એસપી એ કહ્યું હતું કે હવે જે પણ લોકો વીડિયો માં દેખાય છે તેમના પર કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

## ઊવારસદના ખાંટ વાસમાં દરોડો પાડી એલસીબીએ પાંચ જુગારીઓ પકડયા




ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે અડાલજ નજીક આવેલા ઉવારસદ ગામના ખાંટ વાસના દરોડો પાડી અશોક ઠાકોરના મકાનમાં બેસીને બિન્દાસ્ત જુગાર રમી રહેલા પાંચ શકુનિઓને પકડી પાડયા હતા. મકાનમાં જુગાર રમી રહેલા પાંચેય શકુનિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેમની સામે ગુનો દાખલ કરીને રૂપિયા ૭૦ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની સુચનાથી તેમની ટીમના પી.એસ.આઈ એચ.કે.સોલંકી તેમના સ્ટાફ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ઊવારસદ ગામમાં આવેલા ખાંટ વાસમાં રહેતા ઠાકોર અશોકજી ડાહ્યાજીના મકાનમાં જુગાર ધમધમી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડી મકાનની અંદર જુગાર રમી રહેલા પાંચ શખ્સોને પકડી પાડયા હતા. ઊવારસદના ખાંટ વાસમાં રહેતા બળવંત શનાજી ઠાકોર, રમેશ ગાભાજી ઠાકોર, પ્રવીણ વિહાજી ઠાકોર, સુરેશ લખાજી ઠાકોર અને ગણપત બાબુજી ઠાકોર મળી પાંચેય શકુનીઓને રોકડ રૂ. ૫૮,૩૫૦ તથા ૬ નંગ મોબાઈલ મળી કુલ રૂ.૭૦,૩૫૦ ની કિંમતના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## શહેરના માર્ગો પદયાત્રાળુઓથી ઉભરાયા

**ચ માર્ગ પરથી શનિવારે અંદાજીત ૧૨૦ સંઘ પસાર થયા**

ગાંધીનગર શહેરના માર્ગો પદયાત્રાળુઓથી ઉભરાઈ રહ્યા છે. ચ માર્ગ પર ભકતોનો માનવ મહેરામણ જોવા મળે છે. સવારથી મોડીરાત સુધીમાં અંદાજીત ૧૨૦ થી વધુ સંઘો પસાર થઈ ચુક્યા છે. અંબાજી પદયાત્રિકોમાં નાના બાળકથી લઈને વયોવૃધ્ધ વડીલો પણ સમાવેશ થાય છે. માતાજીની ભકિત અને ભજનો ગુનગુનાવતા ભકતો શહેરમાંથી પસાર થઈ રહ્યા છે. સેવાભાવી નાગરીકો દ્વારા તૈયાર કરાયેલા વિસામા માં પણ ભકતો મોટીસંખ્યામાં નજરે પડી રહ્યા છે. શહેરમાં ચાલતા જતા પદયાત્રાળુઓને પગલે અનોખો ધાર્મિક માહોલ જામ્યો છે. ત્યારે શહેરના માર્ગો બોલ મારી અંબે જય જય અંબેના નાદથી ગુંજી ઉઠે છે.

ગાંધીનગર શહેરના રાજમાર્ગો જય અંબે જય અંબે ના નાદથી ગુંજી ઉઠે છે. બપોરે ગરમી હોવાથી ભકતો વહેલી સવારે તેમજ સાંજના સુમારે ચાલવાનું વિશેષ પસંદ કરે છે. ત્યારે શહેરના માર્ગો પર સવારના ૧૨ વાગ્યા પછી ભકતોનો ધસારો નહીવત રહે છે.જયારે સાંજ ૫ કલાક પછી ભકતોનું ઘોડાપુર શરુ થઈ જાય છે જે મોડીરાત સુધી સતત અવિરત ચાલુ રહે છે. શહેરના માર્ગો પર હૈયે થી હૈયુ દળાય તેટલી સંખ્યામાં પદયાત્રાળુઓ ચાલતા નજરે પડે છે. ત્યારે શહેરમાંથી પસાર થયેલા સંઘોમાં મોટાભાગના દક્ષિણ-મધ્ય ગુજરાતના શહેરો વાપી, વલસાડ, ભરુચ, નવસારી, નસવાડી, સુરત, વડોદરા, ડભોઈ તેમજ ખેડા, આણંદ અને મહારાષ્ટ્રના સાઈડના વધુ હતા. માર્ગ પર એક લાઈન ભકતોની હોય છે, જે માતાજીની ભકિત અને આરાધના કરતા ચાલતા હોય છે. જયારે મોટાભાગના સંઘો સાથે ડી.જે.સંગીતના તાલે ગરબા અને ભજનો સતત ચાલુ હોવાથી અનોખુ ધાર્મિક વાતાવરણ જોવા મળે છે. ત્યારે આગામી દિવસોમાં શહેરના માર્ગો પરથી હજુ લાખોની સંખ્યામાં પદયાત્રીકો પસાર થશે. ત્યારે પદયાત્રીકો માટે સેવાભાવી નાગરીકો દ્વારા ઠેરઠેર વિસામાં શરુ કરી દેવાયા છે. ભકતોને ચા-પાણી, શરબત, રાત્રી આરામ સહિત સ્નાન, મોબાઈલ ચાર્જર, આરોગ્યલક્ષી દવાઓ સહિતની સુવિધા પુરી પાડવામાં આવે છે.



## રાયસણમાં મતદાન મથક છે એટલે ઓરડા ઉતારવા ન દેવા તે યોગ્ય નથી : સી. જે. ચાવડા

**ચામુંડાનગરની શાળામાં કામ શરૂ ન થતાં છેલ્લા એક વર્ષથી બાળકો ખુલ્લામાં અભ્યાસ કરી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૧૫

રાજયનું સૌથી પહેલુ ગોકુળિયા ગામ તરીકે ઓળખ પામેલ રાયસણ ગામની પ્રાથમિક શાળાના ઓરડા ઉતારી લેવા અને નવા વર્ગખંડોના નિર્માણ માટેની મંજૂરી ટૂંકમાં જ આપી દેવાશે તેવી હૈયાધારણ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ આપી છે.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં આ મુદ્દો ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રજુ કરી જણાવ્યુ હતુ કે મતદાનમથક અન્ય સરકારી ઈમારતમાં કેમ ન ખસેડી શકાય ? તેવો અણીયાળો સવાલ કરી જણાવ્યુ હતુ કે બાળકોનું ભવિષ્ય વધુ મહત્વનું છે.

તેમણે જણાવ્યુ હતુ કે તંત્રના નિર્દેશ પછી વૈકલ્પિક વ્યવસ્થામાં ગામે ભાડે જગ્યા રાખી અને બાળકોનું શિક્ષણ શરૂ કરી દીધુ છે પરંતુ મતદાન મથક અહિ છે માટે વર્ગખંડો ઉતારાશે નહિ તે વાત અધિકારીઓ દ્વારા આદેશ આપી કરાય તે યોગ્ય નથી.

ડૉ. ચાવડાની ઉગ્ર રજુઆતનો સ્વીકાર કરતાં જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે આ મુદ્દે તેઓ જાતે તપાસ કરી અને યોગ્ય કાર્યવાહી કરશે. તેમણે કહ્યું હતું કે બાળકોને વધુ તકલીફ ના પડે તે માટે વર્ગખંડો ઉતારવાની અને નિર્માણની કામગીરી પણ ઝડપથી થાય તે પોતે જોશે.

ડૉ. સી.જે. ચાવડાએ કોલવડા ચામુંડાનગરની પ્રા. શાળાનો મુદ્દો છેડી એવી રજુઆત કરી હતી કે વર્ક ઓડર અપાઈ ગયો, ઓરડા ઉતારી લેવાયા પણ કન્સ્ટ્રક્શન શરૂ નથી થતુ અને બાળકો આજે પણ ખુલ્લામાં બેસી અભ્યાસ કરી રહ્યા છે. તંત્રના આવા બેહુદા વલણ સામે તેમણે દુ:ખની લાગણી વ્યક્ત કરી હતી.

ડૉ. ચાવડાની આ રજુઆત પછી જિલ્લા શિક્ષણતંત્રએ સ્વીકાર્યુ હતુ અને જણાવ્યુ હતુ કે કામ ઝડપથી શરૂ કરી દેવામાં આવશે. આજે સંકલન સમિતિમાં શિક્ષણના આ બે મુદ્દા તંત્રની ઉદાસીનતાનો પડઘો પાડ્યો હતો.

## સાંતેજ નજીક જેઠલજ ગામેથી દેશી બંદૂક સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર એલસીબીની ટીમે સાંતેજ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ચેકીંગ હાથ ધરીને જેઠલજ ગામ પાસેથી એક શખ્સને ગેરકાયદેસર રીતે હાથ બનાવટની દેશી બંદૂક લઈને ફરતા પકડી પાડયો હતો. ખાત્રજ-ભીમાસણ રોડ પર જેઠલજ ગામ પાસેથી દેશી બંદૂક સાથે ડફેરને પકડી પાડી તેની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમ જિલ્લા વિસ્તારમાં કેટલાક અસામાજીક તત્વો પાસે ગેરકાયદેસર હથિયાર હોવાની શંકાને આધારે આવા તત્વોને હથિયારો સાથે શોધી કાઢવા સક્રિય થાય છે ત્યારે એલસીબીની ટીમ સાંતેજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ પુનમભાઈને મળેલી માહિતીને આધારે ખાત્રજ-ભીમાસણ રોડ પર જેઠલજ ગામ પાસેથી એક ડફેરને દેશી બંદૂક સાથે પકડી પાડવામાં આવ્યો છે. જેઠલજ ગામના ઈશ્વરપુરાની સીમમાં આવેલા ખરાબામાં રહેતો અને મૂળ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના પડાણા ગામમાં રહેતા ડફેર બદરૂભાઈ અલ્લારખા નથવાણીને કપડામાં વીંટાયેલી એક દેશી હાથ બનાવટની જામગરી અને નાળવાળી, લાકડાના બટવાળી બંદૂક સાથે પકડી પાડયો હતો. ગેરકાયદેસર બંદુક બાબતે આધાર-પુરાવા માગતા તેની પાસેથી કાંઈ મળી આવી ન હતું. એલસીબીની ટીમે બંદુક કબજે લઈ ડફેર સામે આર્મસ એક્ટનો ગુનો દાખલ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

## અવિરત વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારો કરવામાં આવી ચુક્યો છે. દેશભરમાં પેટ્રોલિયમ પેદાશોમાં વધી રહેલી કિંમતોના કારણે સરકાર અને વિપક્ષ આમને સામને છે. વિરોધ પક્ષો દ્વારા પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં કાપની માંગ કરવામાં આવી રહી છે. સાથે સાથે આને જીએસટી હેઠળ લાવવાની પણ વાત થઈ રહી છે. ભાવ વધારા સામેના વિરોધમાં સોમવારે કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ભારત બંધની હાકલ કરી હતી. ડાબેરીઓ પણ બંધમાં જોડાયા હતા. કેટલાક રાજકીય પંડિતો માની રહ્યા છે કે આગામી મહિનાઓમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેથી પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં વધારા પર બ્રેક મુકવામાં આવે તેવી શક્યતા છે. રાજસ્થાન અને આંધ્રપ્રદેશ સરકાર દ્વારા વેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હાલમાં ભાવ વધારાને લઈને સામાન્ય લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.

## અમને બચાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. જયારે યોગ્ય કાર્યવાહી અને ઈમ્પેકટ ફી ના મામલે અમલ થાય તેવી માંગ સાથે સત્તાધીશોને આવેદન પત્ર પણ આપ્યુ હતુ.

ગાંધીનગરના વેપારી એસોસિએશન આજે સે-૨૨ ના નવરાત્રી મેદાનમાં એકત્રિત થયુ હતુ. જયારે એકત્રિત થયેલા વેપારીઓએ સે-૨૨ માં પંચદેવ મંદિર સુધી મુક રેલી યોજીને મહાનગરપાલિકાના સત્તાધીશોને રજુઆત કરી હતી. વેપારીઓ અમને બચાવો .. ના પ્લે કાર્ડ હાથમાં રાખીને વર્ષોથી નગરમાં વેપાર ધંધા કરીને પરિવારજનોનુ ગુજરાન ચલાવતા હોવાનુ જણાંવી તંત્ર દ્વારા રાહત મળે તે માટે રજુઆતનો સુર ઉઠાવ્યો હતો. આગામી દિવસો નવરાત્રી દિવાળી જેવા તહેવારો પણ નજીકમાં હોવાથી વેપાર ધંધાની રીતે મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવે તેમ હોવાનુ પણ વેપારીઆલમે જણાંવ્યુ છે. તંત્રની દબાણ હટાવ ઝુંબેશ અને હેતુફેરના મામલે એકજુથ થયેલા વેપારી આગેવાનોએ અગાઉ તંત્રના અધિકારીઓને પણ રજુઆત કરી હોવાનુ જણાંવ્યુ હતુ. ગાંધીનગરના વેપારી એસોસિએશને આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ નગરના સ્થાપના કાળથી સ્વરોજગાર સે-૨૪ સહીત નગરના દરેક સેકટરોમાં સરકારના નિતી નિયમોને આધીન રહી રહેણાંક વિસ્તારમાં ધંધો કરે છે. જયારે આ મામલે છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા હેતુફેરના મુદ્દે નોટીસ આપવામાં આવે છે. જયારે અગાઉ ઈમ્પેકટ ફી નો કાયદો અમલી બનાવાયો ત્યારે નગરના વેપારીઓએ ઈમ્પેકટ ફી માટે અરજીઓ પણ કરી હતી. જયારે આ મામલે છેલ્લી રજુઆત એપ્લેટ અધિકારી સમક્ષ પણ કરી હતી. જ હજુ સુધી પેન્ડીંગ છે. જેને અનુલક્ષીને વેપારીઓ સામે ગંભીર પ્રશ્ન ઉઠવા પામ્યો છે. ગાંધીનગરમાં વસતા ૬૫૦૦ થી વધુ વેપારીઓના ૮૦ હજાર કુંટુંબોના ભરણ પોષણનો પ્રશ્ન ઉભો થાય છે. આ મામલે વિચારણા હાથ ધરીને ઈમ્પેકટ ફી ના કાયદાનો અમલ કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરાય તેવી માંગ પણ વેપારીઓએ કરી છે.

## વધુ ૨૦૦

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે છેલ્લા એક સપ્તાહથી કોર્પોરેશનની ટીમ દ્વારા રહેણાંકમાં કોર્મશિયલ પ્રવૃતિ કરતા એકમોને નોટીસ આપવામાં આવી રહી છે. ગઈકાલે પણ ૫૦ જેટલા એકમોને નોટીસ આપવામાં આવી હતી. શહેરમાં દબાણ હટાવ ઝુંબેશને અનુલક્ષી નગરમાં કાચા પાકા દબાણો પણ તંત્ર દ્વારા દુર કરવામાં આવી રહ્યા છે. સે-૨૪ માં દબાણતંત્રની ટીમે સપાટો બોલવતા સેકટરમાં દબાણકર્તાઓમાં ફફડાટ પ્રવર્તયો છે. સેકટરમાં વેપારીઓ સ્વેચ્છાએ દબાણો દુર કરી રહ્યા છે. જયારે હેતુફેરના કિસ્સામાં પણ નોટીસ આપ્યા બાદ વેપારીઓએ દુકાનો ખાલી કરવાની પ્રક્રીયા પણ હાથ ધરી છે.બીજીતરફ વેપારીઓ આ મામલે સંગઠીત થઈને તંત્ર સમક્ષ રજુઆત પણ કરી રહ્યા છે. જયારે કોર્પોરેશન દ્વારા એક બાદ એક સેકટરોમાં હેતુફેરના કિસ્સામાં નોટીસો આપવાનો સિલસિસો જારી છે. આજે પણ તંત્રના અધિકારીઓ સે-૧૭, ૨૦,૨૧, અને સે-૨૭ માં રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિ કરતા ૨૦૦ જેટલા એકમોને નોટીસ આપી હતી. શહેરમાં કોર્પોરેશનની દબાણ હટાવ ઝુંબેશ હાલ ટોક ઓફ ધ ટાઉન બની છે. નગરના સેકટરોમાં દબાણના મામલે અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. જયારે હેતુફેરના મામલે નોટીસ આપ્યા બાદ દબાણતંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાયા બાદ વેપારીઓ શુ સ્ટેન્ડ લે છે તે વાત પણ મહત્વની બની છે.

## સે-૨૪ અર્બન હેલ્થ સેન્ટર ખાતે આંખોની તપાસનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકા અને તેજ આઈ સેન્ટરના સંયુકત ઉપક્રમે આંખોની તપાસ અને ડાયાબિટીસ તપાસનો કેમ્પ વિનામુલ્યે તા. ૧૭ સપ્ટેમ્બરને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે. આ કેમ્પમાં આંખના નિષ્ણાંત તબિબ ડો. તેજલ દલાલ સેવા પુરી પાડશે. આંખના દર્દીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવશે.ત્યારે આ કેમ્પનો લાભ લેવા નગરજનોને મોટીસંખ્યામાં તેજ આઈ સેન્ટર અને મનપા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.





